1. ભૌતિક પર્યાવરણમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?

- ભૌતિક પર્યાવરણમાં આબોહવા (Climate), ઉષ્ણતામાન (Temperature), વરસાદ, વનસ્પતિ, વન્ય પશુ-પક્ષી અને પ્રાણીઓ વગેરે કુદરતી પર્યાવરણના ઘટકોનો સમાવેશ થાય છે.

2. ભૌતિક વાતાવરણની અસરો જણાવો ?

- ભૌતિક વાતાવરણમાં જંગલો અને અન્ય ભૌગોલિક સંપત્તિ જેવા ભૌતિક પર્યાવરણનો સમાવેશ થાય છે.
- શહેરો, રહેઠાણો, બજારો, ઑફિસો, રેલવે, પાકા રસ્તાઓ વગેરે માનવસર્જિત પર્યાવરણનો પણ ભૌતિક વાતાવરણમાં સમાવેશ થાય છે.
- ભૌતિક પર્યાવરણ વ્યક્તિના વર્તન પર અનેકવિધ રીતે અસર કરે છે.
- ઋતુઓ, હવામાન અને ઉષ્ણતામાનની ખાસ વિવિધ અસરો જોવા મળે છે.
- અત્યંત ગરમી, અતિશય ઠંડી, મધ્યમ તાપમાન, ભેજ, ધુમ્મસ કે વરસાદી વાતાવરણ વગેરેની માનવીની દૈનિક ક્રિયાઓ અને સામાજિક વર્તન પર અસર જોવા મળે છે.
- ઠંડા વાતાવરણ કરતાં ગરમ અને ભેજવાળા વાતાવરણમાં રહેનાર વ્યક્તિઓમાં ઉશ્કેરાટ અને આક્રમકતાનું પ્રમાણ વધુ જોવા મળે છે.
- ઊંચા તાપમાનમાં બૅટ્સમૅન વધુ દડા ફટકારે છે, જે બૅટ્સમૅનનું આક્રમક વર્તન દર્શાવે છે.

3. માનવી અને પર્યાવરણ વચ્ચેનો સંબંધ ટૂંકમાં વર્ણવો ?

- પર્યાવરણીય પ્રદુષણની માનવીનાં કાર્યો પર વિપરીત અસરો થાય છે.
- ઘોંઘાટવાળા પર્યાવરણમાં કામ કરવામાં વ્યક્તિની શારીરિક અને માનસિક શક્તિ વધુ વપરાય છે.
- ઘોંઘાટવાળા પર્યાવરણમાં વ્યક્તિ જલદી થાકી જાય છે. તેનો સ્વભાવ ચીડિયો બની જાય છે અને વ્યક્તિની પ્રતિક્રિયાઓ અસાધારણ બની જાય છે.
- પર્યાવરણનું મનોવિજ્ઞાન કુદરતી અને માનવસર્જિત ભૌતિક વાતાવરણ અને મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓ ગાણિતિક રીતે જીવન અવકાશને દર્શાવો.
- પર્યાવરણ માનવવર્તન પર અસર કરે છે અને માનવવર્તન પર્યાવરણને અસર પહોંચાડે છે.

4. પર્યાવરણ અને વર્તનની સમજૂતી આપો ?

- વર્તન વ્યક્તિનાં લક્ષણો અને તેના પર્યાવરણનું સંયુક્ત પરિણામ છે.
- વ્યક્તિની આસપાસનું પર્યાવરણ, વ્યક્તિના વિચારો, લાગણીઓ અને વર્તન પર અસર કરે છે.
- પર્યાવરણ માનવી પર અસર કરે છે અને માનવી પર્યાવરણને અસર પહોંચાડે છે.
- આધુનિક પર્યાવરણની પરિસ્થિતિઓએ વર્તમાન અને ભવિષ્ય માટે અનેક સમસ્યાઓનું સર્જન કર્યું છે.

5. કર્ટ લેવિનનો જીવન અવકાશનો ખ્યાલ સમજાવો ?

- મનોવૈજ્ઞાનિક કર્ટ લેવિન મનોવૈજ્ઞાનિક પર્યાવરણ અને ભૌગોલિક પર્યાવરણને જુદા પાડે છે.
- કર્ક લેવિને વ્યક્તિ અને પર્યાવરણ વચ્ચેના સંબંધને સ્પષ્ટ કરવા માટે ‘જીવન અવકાશ’નો ખ્યાલ આપ્યો.

- તેમના મત પ્રમાણે જીવન અવકાશ એ વ્યક્તિના વર્તનને નક્કી કરતી સમગ્ર મનોવૈજ્ઞાનિક વાસ્તવિકતા છે.
- જીવન અવકાશમાં પર્યાવરણમાં હાજર રહેલ દરેક એવી બાબતનો સમાવેશ થાય છે જે વ્યક્તિના વર્તન પર અસર કરે છે.
- આ પર્યાવરણમાં વ્યક્તિની આસપાસ ભૌતિક, મનોવૈજ્ઞાનિક અને સામાજિક ઘટકો જેવી દરેક બાબતોનો સમાવેશ થાય છે.
- લેવિન પર્યાવરણની વચ્ચે રહેલ વ્યક્તિને 'જીવન અવકાશ' કહે છે.

### 6. બ્રોનફેનબ્રેનરનો પર્યાવરણ અંગેનો અભિગમ ટૂંકમાં સમજાવો ?

- બ્રોનફેનબૅનર પર્યાવરણ (પરિસર) અંગે જુદો અભિગમ ધરાવે છે.
- બ્રોનફેનબૅનરે પક્ષીના માળાની જેમ રચાયેલ પર્યાવરણને તેના ક્રમ પ્રમાણે પાંચ તંત્રોના ખ્યાલ દ્વારા સમજાવવાનો પ્રયત્ન ર્ક્યો છે.
- બ્રોનફેનબૅનરે દર્શાવેલાં પર્યાવરણનાં પાંચ તંત્રો આ પ્રમાણે છે
    - ✓ (1) સૂર્માતંત્ર,
    - ✓ (2) અનુભવ તંત્ર,
    - ✓ (3) બાહ્ય તંત્ર,
    - ✓ (4) સાંસ્કૃતિક તંત્ર અને
    - ✓ (5) કાળક્રમ તંત્ર.

### 7. ઘોંઘાટનું પ્રદૂષણ થવાનાં કારણો સંક્ષિપ્તમાં જણાવો ?

- ઘોંઘાટનું પ્રદૂષણ થવાનાં કારણો નીચે પ્રમાણે છે :
- ઔદ્યોગિક અને ટેક્નોલૉજીના ક્ષેત્રે થયેલ પ્રગતિએ ઘોંઘાટના પ્રદૂષણમાં નોંધપાત્ર વધારો કર્યો છે.
- બિનજરૂરી, અણગમતા કે વ્યક્તિ પર નિષેધક અસર કરતા અવાજો 'ઘોંઘાટ' કહેવાય છે.
- એવો કોઈ પણ અવાજ કે જેનાથી વ્યક્તિને અણગમો થાય તેને 'ઘોંઘાટ'કહે છે. દા. ત., પોપ કે રૉક મ્યુઝિક કેટલીક વ્યક્તિઓ માટે ઘોંઘાટ બની શકે છે.
- આજુબાજુના અવાજનું અપ્રિય અવાજ તરીકેનું મૂલ્યાંકન એ ઘોંઘાટનું મુખ્ય કારણ છે.
- અચાનક કે અણધાર્યો થતા અવાજો એ અવાજ પ્રત્યેની પ્રતિકૂળ પ્રતિક્રિયાઓનું મુખ્ય કારણ છે.

### 8. હવાનું પ્રદૂષણ થવાનાં કારણો સ્પષ્ટ કરો ?

- હવા પૃથ્વી પરના પ્રાણીજીવન માટે ખૂબ જ અગત્યનું પર્યાવરણીય ઘટક છે.
- માનવીને જીવન જીવવા માટે સ્વચ્છ અને તાજી હવા જરૂરી છે.
- કોઈ પણ કારણસર હવા પ્રદૂષિત થાય ત્યારે તે સ્વાથ્ય માટે વિવિધ જોખમોનું કારણ બને છે.
- મોટે ભાગે માનવસર્જિત ઘટનાઓથી હવાનું પ્રદુષણ થાય છે.

- શહેરો અને તેની આજુબાજુના વિસ્તારોમાં આવેલાં કારખાનાંઓ અને વાહનોમાંથી નીકળતા ધુમાડા, કોલસી, તમાક બળવાથી નીકળતા ધુમાડા, હવામાં તરતા રજકણો વગેરેના કારણે હવાનું ભારે પ્રદૂષણ થાય છે.

9. ગંદકી કેવી રીતે ફેલાય છે તે સમજાવો ?

- જાહેર સ્થળો અને રસ્તાઓ પર વિવિધ વ્યક્તિઓની ગંદી અને વિકૃત ટેવો જવાબદાર હોય છે.
- જેમ કે, ગમે ત્યાં થુંકવું કે પાનની પિચકારી મારવી, ખુલ્લામાં નાક સાફ કરવું, કોગળા કે ઊલટી કરવી, રસ્તા પર સ્નાન કરવું, વાસણ માંજવાં કે કપડાં ધોવાં વગેરે.
- જાહેર જગ્યાઓએ ઘરની વસ્તુઓને અથવા રિપેર કરવા આપેલાં સાધનોને સાફ કરવા અને તેનો કચરો ત્યાં જ નાખવો. તૈયાર નાસ્તાની લારીવાળા, શેરડીના રસ કે જ્યુસની લારીવાળા દ્વારા રસ્તા પર જ પેપર ડિશો, શેરડીના કુચા કે ફળનાં છોતરાં નાખવાં.
- એક જ જગ્યાએ ખૂબ પાણી ઢોળીને કાદવકીચડ કરવો તથા ઢોરના માલિકો દ્વારા ઢોરોને રખડતાં મૂકવાં, જેના કારણે ઢોરો દ્વારા જાહેર સ્થળોએ કે રસ્તાઓ પર છાણ અને મળમૂત્ર દ્વારા ગંદકી થાય છે.